**આંક–**

## મે. મજૂર અદાલત, નડીઆદ (જી. ખેડા) ના પ્રિસાઈડીંગ ઓફિસર
## શ્રી જી.જે.થોરીયા સાહેબ સમક્ષ.

**<u>રેફરન્સ (LCN) નંબર : ૫૬/૨૦૨૦</u>**

**<u>પ્રથમ પક્ષકાર</u>** : ઈસ્કોન બાલાજી ફુડસ પ્રા.લી.,
કણજરી, તા.નડીઆદ.
જી.ખેડા.

**<u>વિરૂધ્ધ</u>**

**<u>બીજા પક્ષકાર</u>** : રોહીત ભરતભાઈ ધનજીભાઈ,
જયહિન્દ સોસાયટી, બોરીયાવી,
જી.આણંદ.

<u>હાજર રહયા</u> : પ્રથમ પક્ષકાર તરફે : કોઈ નહી.
બીજા પક્ષકાર તરફે : કોઈ નહી.

**: <u>એ વો ર્ડ</u> :**

આ કામના અરજદારે શ્રમ આયુકત, નડીઆદ સમક્ષ સદરહું વિવાદ ઉભો કરતા, ત્યાં સમાધાન નહી થતાં વિવાદ અત્રે ન્યાય નિર્ણય અર્થે આવેલ છે. અરજદાર/કામદારને આંક–૩ વાળા એકનોલેજમેન્ટથી તથા સામાવાળાને આંક–૪ વાળા એકનોલેજમેન્ટથી નોટીસ બજેલ હોવા છતાં કોઈ હાજર રહેલ નથી. અરજદાર તરફે પોતાના માંગણાના નિવેદન રજુ કરવા માટે પુરતી અને વ્યાજબી તકો આપવા છતાં અરજદારે પોતાનું માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. સામાવાળા તરફે પણ કોઈ હાજર રહેલું નથી. જેથી બંને પક્ષકારોના પુરાવાના હકક રોજકામમાં બંધ કરવામાં આવેલા છે. આજ

રોજ પણ અરજદાર તરફે કોઈ રીપોર્ટ/રજુઆત નથી. વધુમાં મદદનીશ શ્રમ આયુકત, નડીઆદ તરફથી આવેલ કાગળો જોતા તેમાં પણ લેશમાત્ર પુરાવો રજુ થયેલ નથી. આમ અરજદારને સદરહું કામ આગળ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી. જેથી પુરાવાના અભાવે સદરહું રેફરન્સ કેસ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(ઘનશ્યામ જયંતભાઈ થોરીયા)**
પ્રિસાઈડીંગ ઓફિસર
મજૂર અદાલત, નડીઆદ.
GJ00842

તારીખ : ૨૫/૧૦/૨૦૨૧
નડીઆદ.
(M.D.)